તા. 06-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-10-2024 સવારે : 7.45 થી 7.55

વાર : રવિવાર નેશનલ ન્યૂઝ (સવાર)

## આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે મુંબઈ અને થાણે જેવા શહેરોને ભવિષ્ય માટે તૈયાર કરવા જરૂરી.**
2) **ડીઆરડીઓએ પોખરણ ખાતે ચોથી પેઢીની ટૂંકા અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલીના ત્રણ હવાઈ પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા.**
3) **વિદેશમંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે, ઈસ્લામાબાદમાં યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠનની પરિષદ દરમિયાન ભારત પાકિસ્તાન સાથે તેના સંબંધો અંગે ચર્ચા કરશે નહીં.**
4) **હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે સરેરાશ 67 ટકા મતદાન થયું.**
5) **મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે.**

.....................................................................................

# PM-MAHARASHTRA

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે મુંબઈ અને થાણે જેવા શહેરોને ભવિષ્ય માટે તૈયાર કરવા જરૂરી છે.**

તા. 06-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં રૂ. 32 હજાર 800 કરોડથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારનો ઉદ્દેશ્ય વિકસિત ભારતનું નિર્માણ કરવાનો છે.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે  કે કેન્દ્ર સરકાર વિચરતી જાતિઓ અને સમુદાયોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગઈકાલે મહારાષ્ટ્રના વાશિમમાં શ્રી મોદીએ એમ પણ કહ્યું કે સરકારનો દરેક નિર્ણય નીતિ વિકસિત ભારતને સમર્પિત છે અને ખેડૂતો આ પરિપ્રેક્ષ્યમાં મુખ્ય આધાર સ્તંભ છે. લગભગ 23 હજાર 300 કરોડ રૂપિયાની કૃષિ અને પશુપાલન સંબંધિત વિવિધ પહેલ શરૂ કરાવતી વખતે પ્રધાનમંત્રીએ વાશિમના પોહરાદેવી ખાતે બંજારા સમુદાયના સમૃદ્ધ વારસાને દર્શાવતા બંજારા હેરિટેજ મ્યુઝિયમનું પણ ઉદ્ઘાટન કર્યું.

શ્રી મોદીએ 9 કરોડ 40 લાખ ખેડૂતોને અંદાજે 20 હજાર કરોડ રૂપિયાની પ્રધાનમંત્રી-કિસાન સન્માન નિધિનો 18મો હપ્તો જાહેર કર્યો. રાજ્યની નમો શેતકરી મહાસમ્માન યોજના હેઠળ 90 લાખ ખેડૂતોને 1,900 કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું કે મહારાષ્ટ્રમાં દેશની આર્થિક પ્રગતિનું નેતૃત્વ કરવાની અપાર ક્ષમતા છે અને આ ત્યારે જ વાસ્તવિકતા બની શકે છે જ્યારે ગરીબો, ખેડૂતો, મજૂરો, દલિતો અને વંચિતોના સશક્તિકરણનું અભિયાન ચાલુ રહેશે.

........................................................................................

# DRDO-VSHORADS

સંરક્ષણ સંશોધન વિકાસ સંગઠન - ડીઆરડીઓએ રાજસ્થાનમાં પોખરણ ફીલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે ચોથી પેઢીની ટૂંકા અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલીના ત્રણ હવાઈ પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.

તા. 06-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આ પરીક્ષણો છેલ્લા બે દિવસમાં હાઇ સ્પીડ લક્ષ્યો પર કરવામાં આવ્યા છે. આ પરીક્ષણોએ મહત્તમ અને ઊંચાઈએ અવરોધના અત્યંત જટિલ પરિમાણો દર્શાવ્યા. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, આ સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યું છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સફળ પરીક્ષણમાં સામેલ DRDO, સશસ્ત્ર દળો અને અન્ય ઉદ્યોગોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ નવી મિસાઈલ હવાઈ ખતરા સામે સશસ્ત્ર દળોને વધુ આધુનિક ટેક્નોલોજી સપોર્ટ આપશે.

..............................................................................

# EAM-SCO

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું છે કે, અન્ય કોઈ પાડોશીની જેમ ભારત પણ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે પરંતુ સરહદ પારના આતંકવાદને નજરઅંદાજ કરી શકાય નહીં.

ઈસ્લામાબાદમાં 15 અને 16 ઓક્ટોબરે યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠનની આગામી પરિષદ દરમિયાન ભારત પાકિસ્તાન સાથે તેના સંબંધો અંગે ચર્ચા કરશે નહીં. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં IC સેન્ટર ફોર ગવર્નન્સ દ્વારા આયોજિત વહીવટીતંત્ર પરના સરદાર પટેલ વ્યાખ્યાનમાં ભાગ લેતા પત્રકારો સાથે વાતચીત કરી હતી.

ડૉ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પરિષદમાં તેમની સહભાગિતા બહુપક્ષીય સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ડો. જયશંકરે કહ્યું કે સાર્ક મામલે પ્રગતિ થઈ રહી નથી કારણ કે તાજેતરના વર્ષોમાં બેઠકો થઈ નથી. તેમણે કહ્યું કે તેનું કારણ એ છે કે, એક સભ્ય દેશ બીજા દેશ વિરુદ્ધ સરહદપાર આતંકવાદમાં સામેલ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પરિસ્થિતિ સાર્ક માટે સામાન્ય રીતે કામ કરવું મુશ્કેલ બનાવે છે. ડૉ. જયશંકરે કહ્યું કે આતંકવાદ અસ્વીકાર્ય છે અને જો કોઈ પાડોશી દેશ તેને ચાલુ રાખશે તો સાર્કમાં બધું સામાન્ય નહીં થઈ શકે.

.........................................................................................

# HARYANA-POLL-PERCENTAGE

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે સરેરાશ 67 ટકા મતદાન થયું હતું. રાજ્ય વિધાનસભાની તમામ 90 બેઠકો માટે એક જ તબક્કામાં યોજાયેલ મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું.

100 વર્ષથી ઉપરના ઘણા લોકોએ પણ ઉત્સાહભેર મતદાનમાં ભાગ લીધો હતો. આ ચૂંટણીમાં પ્રથમ વખત વિકલાંગ વ્યક્તિઓ અને 85 વર્ષથી વધુ વયના નાગરિકોને ઘરે બેઠા મતદાન કરવાની સુવિધા આપવામાં આવી હતી.

.........................................................................................

# PRALHAD-GERMANY-VISIT

નવીન અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી આજે જર્મનીની ત્રણ દિવસની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન શ્રી જોશી બે દિવસીય હેમ્બર્ગસસ્ટેને બિલિટી કોન્ફરન્સમાં ભાગ લેશે. તેઓ ટકાઉ વિકાસ, ગ્રીન હાઇડ્રોજન, ઓછા ખર્ચે રોકાણ અને સમગ્ર પુનઃપ્રાપ્ય ઉર્જા વિસ્તારણમાં સહકારને પ્રોત્સાહન આપવા માટે જર્મની અને બ્રિટનના મંત્રીઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરશે.

આ મુલાકાતનો ઉદ્દેશ્ય ભારત-જર્મની સંબંધોને મજબૂત કરવાનો અને વેપારની તકો ઊભી કરવાનો અને વૈશ્વિક સ્તરે પુનઃપ્રાપ્ય ઉર્જાના વિસ્તરણમાં વધારો કરવાનો છે.

.............................................................................

## MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.............................................................................

## AMIT-SHAH-MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહ સોમવારે ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષા અને વિકાસની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરશે. નવી દિલ્હીમાં યોજાનારી આ બેઠકમાં ગૃહ મંત્રાલય અને સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજરી આપશે.

.............................................................................

## REV.-MALDIVES- President

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ આજે પાંચ દિવસની ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચી રહ્યા છે.

તા. 06-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

તેઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીને મળશે. શ્રી મુઈઝુ બેંગલુરુ અને મુંબઈમાં વેપારને લગતા કાર્યક્રમમાં પણ ભાગ લેશે. પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની પાડોશી પહેલો નીતિ માટે માલદીવ હિંદ મહાસાગરમાં મહત્વનો દેશ છે. સાગર કાર્યક્રમ હિંદ મહાસાગર ક્ષેત્રની સુરક્ષા અને સમૃદ્ધિ માટે રચાયેલ છે. વિદેશ મંત્રી તાજેતરમાં માલદીવની મુલાકાતે ગયા હતા.

શ્રી મુઇઝુની ભારત મુલાકાતથી બંને દેશો વચ્ચેના સહકારને વેગ મળે તેવી શક્યતા છે. શ્રી મુઈઝુ આ વર્ષે જૂનમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજર હતા.

..............................................................................

# IND-PAK-WOMEN-T20

મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં બપોરે 3.30 કલાકે શરૂ થશે. શુક્રવારે ભારતીય ટીમ તેની પ્રથમ મેચ ન્યૂઝીલેન્ડ સામે હારી ગઈ હતી. આ દરમિયાન પાકિસ્તાને તેની પ્રથમ મેચમાં શ્રીલંકાને હરાવ્યું છે. આકાશવાણી પરથી મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. અન્ય મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સાંજે 7.30 વાગ્યે સ્કોટલેન્ડ સામે ટકરાશે.

..............................................................................

# FINANCE-MINISTER-PROF.-STERN

નાણામંત્રી નિર્મલા સીતારમણે બહુપક્ષીય વિકાસ બેંકોને મજબૂત કરવા પર G-20 નિષ્ણાત જૂથની 30માંથી 27 ભલામણો પર વિચાર કરવા બદલ વિશ્વ બેંકની પ્રશંસા કરી છે.

તા. 06-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ગઈકાલે નવી દિલ્હીમાં પ્રોફેસર નિક સ્ટર્ન સાથેની ચર્ચામાં તેમણે કહ્યું હતું કે, આબોહવા પરિવર્તન પર નક્કર પગલાં લેવા માટે વિકસિત દેશો દ્વારા વિકાસશીલ દેશોમાં ભંડોળ અને ટેક્નોલોજી જરૂરી છે. પ્રોફેસર સ્ટર્ન બહુપક્ષીય વિકાસ બેંકોને મજબૂત કરવા પર G-20 ના ભારતના અધ્યક્ષપદ દરમિયાન રચાયેલા નિષ્ણાત જૂથના સભ્ય છે. પ્રો. સ્ટર્ને G-20 ના પ્રમુખપદ દરમિયાન સૌથી પછાત દેશો એટલે કે વૈશ્વિક દક્ષિણનો અવાજ ઉઠાવવામાં ભારતની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

.................................................................................

# IMD-RAIN

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે, ઉત્તરપૂર્વીય અને દક્ષિણ દ્વીપકલ્પના ભાગોમાં હળવા વરસાદની અપેક્ષા છે. હાલ ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પશ્ચિમ વિસ્તારોમાં વરસાદની કોઈ શક્યતા નથી.

અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, રાયલસીમા, તટીય અને કર્ણાટકના દક્ષિણ આંતરિક ભાગોમાં આગામી 2-3 દિવસ સુધી છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થઈ શકે છે. આજે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડ, કોંકણ, ગોવા, મરાઠવાડા, તમિલનાડુ અને પુડુચેરીમાં કેટલાક સ્થળોએ આંધી અને વીજળી પડવાની સંભાવના છે.

.................................................................................

# CEBERAL PALSY DAY

સેરેબ્રલ પાલ્સી અંગે જાગૃતતા લાવવાના ઉદેશ્યથી વિશ્વભરમાં વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં સેરેબ્રલ પાલ્સી ધરાવતી વ્યક્તિઓને તેમની ઓળખ અને પ્રતિભા માટે સન્માનિત કરવામાં આવે તે બાબત પાર ખાસ મુકાયો છે.

તા. 06-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસની આ વર્ષની થીમ યુનિકલી સીપી છે, જે એ વાત પર ભાર મૂકે છે કે, વ્યક્તિની વિકલાંગતા તેની સંપૂર્ણ ઓળખને વ્યાખ્યાયિત કરતી નથી. આ દિવસને ચિહ્નિત કરવા માટે, ડિપાર્ટમેન્ટ ઑફ એમ્પાવરમેન્ટ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DEPwD) હેઠળની વિવિધ રાષ્ટ્રીય સંસ્થાઓ અને પ્રાદેશિક કેન્દ્રો સમગ્ર દેશમાં સેરેબ્રલ પાલ્સીના અસરગ્રસ્ત લોકોને સશક્ત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરશે.

આ કાર્યક્રમો માત્ર સેરેબ્રલ પાલ્સી સાથે જીવતા વ્યક્તિઓના સંઘર્ષને જ પ્રકાશિત કરશે નહીં, પરંતુ તેમની ક્ષમતાઓ, પ્રતિભાઓ અને વિશિષ્ટતાની પણ ઉજવણી કરશે. યુનિકલી CP થીમ દ્વારા, આ દિવસ સમાજને એક શક્તિશાળી સંદેશ આપશે કે સેરેબ્રલ પાલ્સીથી પીડિત વ્યક્તિઓ તેમની વિશિષ્ટ ક્ષમતાઓ અને શક્તિઓ સાથે જીવનમાં તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે છે.

...............................................................................